અસતો મા સદ્ગમય - તમસો મા જ્યોતિર્ગમય

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૩૫ | ૪ નવેમ્બર, ૨૦૨૧, ગુરૂવાર; આસો વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦




દિપોત્સવ - વિશ્વ પ્રસિદ્ધ અક્ષરધામના આંગણમાં દિપોત્સવથી મંદિર પરિસર ઝળહળી ઉઠ્યું હતું... ૧૦ હજારથી વધારે દિવાઓ એક સાથે પ્રગટાવતા દિવ્ય અને ભવ્ય માહોલ નિર્માણ થયો હતો... અક્ષરપુરુષોત્તમ સંસ્થાના સ્વંયસેવકો અને ભાવિકો પ્રતિવર્ષ દિવાળીની પૂર્વ સંધ્યાએ દિપોત્સવનું આયોજન કરે છે... અને દિવ્ય દર્શનનો લાભ ભાવિકોને મળી રહે તે માટે લાભપાંચમ સુધી અમગ્ર પરિસરમાં દિપોત્સવનું આયોજન છે.

## દેશવાસીઓને દિવાળી ભેટ

### રાજ્યોને વેટ ઘટાડવા પણ એડવાઈઝરી જારી કરાઈ

ગાંધીનગર, તા. ૩

દિપાવલીના એક દિવસ પહેલા કેન્દ્ર સરકારે પેટ્રોલ-ડીઝલની કિંમતમાં મોટી રાહત આપવાનો નિર્ણય કર્યો છે. સરકારે પેટ્રોલમાં ૫ રૂ. અને ડિઝલમાં ૧૦ રૂ. એકસાઈઝ ડ્યુટી ઘટાડવાની જાહેરાત કરી છે. નવી કિંમત દિપાવલીના દિવસથી લાગુ થશે.

પેટ્રોલ-ડીઝલની આકાશને આંબતી કિંમતથી સામાન્ય લોકોને મોટી રાહત મળી છે. સતત ત્રીજા દિવસે પેટ્રોલ-ડીઝલની કિંમતમાં કોઈ જ વધારો થયો ન હતો. ડીઝલ અનેક શહેરોમાં ૧૧૦ને પાર છે તો પેટ્રોલ ૧૨૧ રૂ. પર પહોંચ્યુ છે.

છેલ્લે ૫ સપ્ટેમ્બરે પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટાડ્યા હતા. ઈન્ટરનેશનલસ્તરે ક્રુડ ઓઈલની કિંમત વધતાં દેશમાં પેટ્રોલ-

**આજથી પેટ્રોલમાં રૂ.૫ અને ડીઝલમાં રૂ. ૧૦નો ઘટાડો**

ડીઝલની કિંમત રેકર્ડસ્તરે પહોચી ગઈ છે.

એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડા બાદ કેન્દ્ર સરકારે રાજ્યોને પેટ્રોલ-ડીઝલમાં વેટ ઘટાડવા માટેની એડવાઈઝરી પણ જારી કરી છે.

# ‘હર ઘર ટીકા’ના મંત્ર સાથે હવે ઘરે-ઘરે રસીકરણ

નવી દિલ્હી , તા.૩

પીએમ મોદીએ કોરોનાથી રક્ષણ મેળવવા માટે રસીકરણ પર ખાસ ભાર આપતા હવે તેના માટે ડોર-ટુ-ડોર અભિયાન શરુ કરવાની વાત કરી છે. જે લોકોએ એક ડોઝ લઈ લીધો છે, અને બીજો ડોઝ લેવાનો બાકી છે ખાસ કરીને તેમના માટે અસરકારક પ્રયાસો કરવાની વાત કરી છે. પીએમે આજે રસીકરણમાં પાછળ ચાલી રહેલા ૪૦ જિલ્લાના કલેક્ટર સાથે વિડીયો કોન્ફરન્સ કરી હતી.

આ મિટિંગમાં પીએમે જણાવ્યું હતું કે હવે સત્તાધીશોએ ઘેર-ઘેર જવું પડશે, જેના માટે તેમણે ’હર ઘર ટીકા, ઘર ઘર ટીકા’નો મંત્ર આપ્યો હતો. તેમણે કેન્દ્ર સરકારના હર ઘર દસ્તક (અનુસંધાન નીચેના પાને)

અભિયાન હેઠળ રસીકરણને આવરી લેવા જણાવ્યું હતું. પીએમે કહ્યું હતું કે, જે લોકોએ બંને ડોઝ નથી લીધા તેવા દરેક લોકોના દરવાજા ખટખટાવવાના છે. આજે જે ૪૦ જિલ્લાના કલેક્ટર સાથે પીએમ મોદીએ વાત કરી હતી તે જિલ્લામાં રસીકરણનું પ્રમાણ ૫૦ ટકાથી પણ ઓછું છે. આ ૪૦ જિલ્લા ઝારખંડ, મણીપુર, નાગાલેન્ડ, અરુણાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર અને મેઘાલય ઉપરાંત બીજા કેટલાક રાજ્યોમાં આવેલા છે. રસીકરણ પર ભાર આપવા ઉપરાંત, પીએમે ૧૦૦ કરોડ ડોઝનું સિમાચિન્હ સર થયા બાદ પણ ઢીલાશ ના વર્તવા માટે પણ ચેતવણી આપી હતી.

પીએમે જણાવ્યું હતું કે, દુશ્મન અને રોગને ક્યારેય ઓછામાં ના આંકવા જોઈએ. તેમનો અંત ના થાય ત્યાં સુધી તેમની સામે લડતા રહેવું જોઈએ. દેશના અંતરિયાળ વિસ્તારોમાં પણ રસીકરણની કામગીરી કરવા બદલ પીએમે ફ્રંટલાઈન વર્કર્સની સરાહના કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, રસીકરણનો વ્યાપ વધારવામાં ફ્રન્ટ લાઈન વર્ક્સની મહેનતની મહત્વની ભૂમિકા છે.

જે રાજ્યોમાં પહેલો ડોઝ આપવાની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ થઈ ગઈ છે તેમનો ઉલ્લેખ કરતા પીએમે જણાવ્યું હતું કે, તે રાજ્યોમાં પણ પડકારો ઓછા નહોતા. તેમ છતાંય આ રાજ્યોના જિલ્લાએ આ કપરી કામગીરીને પાર પાડી. કોરોનાને ૧૦૦ વર્ષમાં આવેલી સૌથી ભયાનક મહામારી ગણાવતા પીએમે જણાવ્યું હતું કે, આપણે તેની સામેની લડાઈ માટે નવા ઉકેલ શોધી કાઢ્યા, અને સર્જનાત્મક રીતોથી વાયરસની સામે લડાઈ લડી.

## અમિત શાહે આયુષ્માન સીએપીએફ સ્કિમ લોન્ચ કરી

નવી દિલ્હી, તા.૩

ભારતના ગૃહમંત્રીએ મંગળવારે સાંજે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળના જવાનો અને તેમના પરિવારજનોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને એક હેલ્થકેર સ્કીમ લોન્ચ કરી હતી. ગૃહમંત્રી શાહ દ્વારા સીએપીએફના જવાનો અને તેમના પરિવારજનોની હેલ્થ માટે લોન્ચ કરવામાં આવેલી આ સ્કીમનું નામ ’આયુષ્માન સીએપીએફ’ સ્કીમ છે. આ હેલ્થકેર સ્કીમ દેશભરમાં સીએપીએફ જવાનો અને તેમના પરિવારજનોને સ્વાસ્થ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવશે. આ પ્રસંગે શાહે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હંમેશા દેશના સુરક્ષા દળોના હિતોને સૌથી ઉપર રાખ્યા છે અને તેમના કલ્યાણ માટે અનેક પગલાં ભર્યા છે. સીએપીએફએ કોઈ પણ પ્રકારની ચિંતા કર્યા વગર દેશની સુરક્ષાનું ધ્યાન રાખવું જોઈએ અને મોદી સરકાર તેમના પરિવારોનું ધ્યાન રાખશે. આયુષ્માન સીએપીએફ સ્કીમ અંતર્ગત સીએપીએફ જવાનો અને તેમના પરિવારજનોને આયુષ્માન ભારત પીએમ-જય યોજના કે કેન્દ્ર સરકાર સ્વાસ્થ્ય યોજના અંતર્ગત સૂચીબદ્ધ તમામ હોસ્પિટલમાં કેશ વગર જ ઈન-પેશન્ટ અને આઉટ-પેશન્ટ સ્વાસ્થ્ય સુવિધાઓનો ફાયદો મળશે.

## તાલિબાનના ખાસ કમાન્ડરનો આઈએસે ખાતમો કરી નાખ્યો

કાબુલ , તા.૩

તાલિબાન ભલે અફઘાનિસ્તાનમાં કબજો મેળવી શક્યું છે પરંતુ ઈસ્લામિક સ્ટેટે (આઈએસ) તેના નાકમાં દમ કરી નાખ્યો છે. આતંકી સંગઠન આઈએસે તાલિબાનને અત્યાર સુધીનો સૌથી મોટો ઝટકો આપતા તેના ખાસમખાસ કમાન્ડરનો ખાતમો કરી નાખ્યો છે. આ કમાન્ડર પાકિસ્તાનના ઈશારે નાચતા તાલિબાનના હક્કાની નેટવર્ક સાથે જોડાયેલો હતો.

## ડેન્ગ્યુ વધતાં કેન્દ્રએ નવ રાજ્યો-કેન્દ્ર શાસિત પ્રદેશમાં ટીમ દોડાવી

નવી દિલ્હી, તા.૩

કોરોના બાદ હવે ડેન્ગ્યૂનો પ્રકોપ વધતો જઈ રહ્યો છે. કેટલાક લોકો સંક્રમિત થઈ રહ્યા છે. પરિસ્થિતિ એ છે કે ઘણા રાજ્યોમાં ડેન્ગ્યૂને કાબૂ કરવુ મુશ્કેલ થઈ રહ્યુ છે. એવામાં કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે નવ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં કેન્દ્રીય ટીમને રવાના કર્યા છે. વિશેષજ્ઞોની આ ટીમ રાજ્યની ટીમને તકનીકિ માર્ગદર્શન પ્રદાન કરશે. આ માટે આ નવ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશના પ્રમુખ સચિવને પત્ર પણ મોકલવામાં આવ્યો છે, જેમાં કહેવામાં આવ્યુ છે કે કેન્દ્ર દ્વારા ડેન્ગ્યૂની રોકથામ માટે વિશેષજ્ઞોનુ દળ મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ દળમાં રાષ્ટ્રીય રોગ નિયંત્રણ કેન્દ્ર અને મચ્છરજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમના અધિકારી સામેલ છે.

કેન્દ્ર સરકારે વિશેષજ્ઞ ટીમ માટે એવા રાજ્યોની ચૂંટણી કરી છે, જ્યાં ડેન્ગ્યૂ કાબૂથી બહાર થઈ ગયો છે. આ રાજ્યોમાં હરિયાણા, પંજાબ, કેરળ, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી, જમ્મુ અને કાશ્મીર સામેલ છે. આ તમામ જગ્યાએ ડેન્ગ્યૂના ઘણા કેસ સામે આવી રહ્યા છે.

રાજધાની દિલ્હીમાં આ વર્ષે અત્યાર સુધી ૧૫૩૦ ડેન્ગ્યૂના કેસ સામે આવ્યા છે. જેમાંથી ૧૨૦૦ કેસ તો માત્ર ઓક્ટોબરમાં જ સામે આવ્યા છે, જે ગયા ચાર વર્ષમાં સૌથી વધારે છે.




## ફેસબુક અન્ય સાથે તમારો ફોટો Auto Tag નહીં કરે

નવી દિલ્હી,તા.૩

કોઈ અન્ય વ્યક્તિ સાથે તમારી લેવાયેલી તસવીર જો અપલોડ કરવામાં આવી હશે તો હવે આ ફોટાને ફેસબુક Auto Tag નહીં કરે. ફેસબુકે આ અંગે અધિકૃત જાહેરાત કરી દીધી છે. વાત જાણે એમ છે કે ફેસબુક પર આરોપ લાગ્યા હતા કે તે પોતાના ફાયદા માટે યૂઝર્સની પ્રાઈવસીનો ભંગ કરી રહ્યું છે.




